13 25


# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

જલસેવા ભવન, 'છ' રોડ, એરફોર્સ સામે, સેકટર-૧૦/એ,ગાંધીનગર

ટેલીફોન નં.૦૭૯૨૩૨૨૨૫૪૭, ૨૩૨૨૦૮૫૯, ૨૩૨૨૫૯૭૨

ફેકસ –૦૭૯૨૩૨૨૫૯૭૯, E-mail:-cemgwssb@yahoo.co.in

રવિ સોલંકી

મુખ્ય ઇજનેર (યાં)


જા.નં.મુ.ઇ.(યાં)/૨૦૧૫/વિજ વપરાશ/એમ-3/ ૧૩૪૫ તા.૨૨/ ૭ /૨૦૧૫.

## પરિપત્ર

વિષયઃ- એચ.ટી.કનેકશન ઉપર કોન્ટ્રાકટ ડીમાન્ડનાં વપરાશ બાબત.

સંદર્ભઃ- (૧) બોર્ડ કચેરીનાં પત્ર નં.મુ.ઇ.(યાં)/૨૨૨૬, તા.૨૭-૦૯-૨૦૧૨.

(૨) બોર્ડ કચેરીનાં પત્ર નં.મુ.ઇ.(યાં)/૧૯૨૦, તા.૧૯-૦૯-૨૦૧૩.

(૩) બોર્ડ કચેરીનાં પત્ર નં.મુ.ઇ.(યાં)/૧૮૮૬, તા.૧૮-૧૨-૨૦૧૪.

(૪) બોર્ડ કચેરીનાં પત્ર નં.મુ.ઇ.(યાં)/૧૯૧૬, તા.૩૧-૧૨-૨૦૧૪.

એચ.ટી.કનેકશન ઉપર લેવાતા કોન્ટ્રાકટ લોડ બાબતે એ.જી.ઓડિટ દ્વારા GWIL નાં કેટલાક કનેકશનો ચેક કરતાં કેટલાક કનેકશનો ઉપર કોન્ટ્રાકટ ડીમાન્ડ કરતાં ઓછા પાવરની વપરાશ માલુમ પડેલ. જે અન્વયે તેઓ દ્વારા ઓડિટ પેરા કરેલ. તથા બોર્ડ કચેરીના કનેકશનો ઉપર પણ આ બાબતની ચકાસણી કરવા સૂચના આપેલ. આ સંદર્ભે બોર્ડ કચેરીના સંદર્ભિત પત્રોથી આ બાબતે ચકાસણી કરી માહિતી મોકલવા તથા જયાં વિજ પાવરની વપરાશ ઓછી/વધુ હોય ત્યાં જરૂરિયાત મુજબ કોન્ટ્રાકટ ડીમાન્ડ સુધારવા સૂચના આપેલ.

આ સંદર્ભે આ બાબતે આપના દ્વારા કાર્યવાહી થયેલ હશે. પરંતુ તેનો કોઇ ફીડબેક બોર્ડ કચેરીને મળેલ નથી. આ પરિપત્ર મળ્યેથી આપના દ્વારા કરેલ કાર્યવાહીનો અહેવાલ ઝોન સ્તરે સંકલિત કરી દિન-૧૦ માં બોર્ડ કચેરીને સાદર કરવા જણાવવામાં આવે છે.

આ બાબતે દરેક એચ.ટી.કનેકશનો ઉપર કોન્ટ્રાકટ ડીમાન્ડ તથા વપરાશના પાવર બાબતની સમિક્ષા કરી જરૂરી પગલા તુરંત લેવા જણાવવામાં આવે છે. અને આ બાબતે કોઇપણ પ્રકારની બેદરકારી માટે સંલગ્ન અધિકારીશ્રી જવાબદાર રહેશે, જેની નોંધ લેશો.

(રવિ સોલંકી)

મુખ્ય ઇજનેર (યાંત્રિક)

નકલ સાદર રવાના પ્રતિઃ-

- માન.સભ્ય સચિવશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.

નકલ શુભેચ્છાસહ રવાના પ્રતિઃ-

- મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧/૨/૩/૪/૫, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, વડોદરા/અમદાવાદ/ રાજકોટ/ભૂજ/જુનાગઢ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરી અહેવાલ સમયમર્યાદામાં સાદર કરવા સારૂ.

નકલ રવાના પ્રતિઃ-

- નાણાં નિયંત્રકશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર.
- અ.ઇ.શ્રી (સર્વે) ...................... તરફ જાણ સારૂ તથા માહિતી દિન-૧૦ માં સંલગ્ન ઝોન કચેરીને સાદર કરવા સૂચના આપવામાં આવે છે.